Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# 'દિવ્યચક્ષુ' નવલકથામાં વ્યક્ત થતી ગાંધીવિચારસરણી

**ભારતી એમ.આચાર્ય**
પીએચ.ડી.સ્કૉલર (એસ.પી.યુનિવર્સિટી)

સત્યનાસાધક અને અહિંસાના ઉપાસક એવા મહાત્મા ગાંધીજીના વ્યક્તિત્વ અને વિચારધરાનો પ્રભાવ રાજકારણ,અર્થકારણ,ધર્મ-અધ્યાત્મ,ઇતિહાસ કલા અને સાહિત્ય – એમ જીવનને સ્પર્શતા તમામ પાસાઓમાં વર્તાય છે.દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ સંગ્રામમાં વિજય મેળવીને ઈ.સ.૧૯૧૫માં સત્યવક્તા ગાંધીજી ભારતમાં આવ્યા.અહીં આવીને તેમણે અમદાવાદમાં સાબરતીરે સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો અને પાછળથી ગુજરાત વિદ્યાપીઠ શરુ કરી.અને હિન્દ-સ્વરાજ માટે લડતો આરંભી. આશ્રમો, શિક્ષણની પ્રવૃત્તિઓ, પુસ્તકો-છાપાઓ સ્વરાજની લડતો અને રચનાત્મક કાર્યક્રમો દ્વારા તેમણે પ્રજાશિક્ષણ અને પ્રજાઘડતરની વિવિધ પ્રવૃતિઓ આરંભી,જેનાથી પ્રજામાં નવો પ્રાણ ફૂંકાયો. આથી એમના વિચારોની, એમનાં જીવનદર્શનની, એમનાં કાર્યો, ભાષાશૈલી, લખાણોની અસરકારક છાપ ગુજરાતી સાહિત્ય પર પ્રબળ રીતે પડી.

વાણી, વિચાર અને આચારની શુદ્ધિના ગાંધીજી આગ્રહી હતા તેથી વિશ્વબંધુત્વ, વિશ્વપ્રેમ અને વિશ્વશાંતિના ખ્યાલો ઝડપથી સ્વીકૃતિ પામ્યા.તેઓ સત્યાગ્રહી હતા.સત્યની ઉપાસના તેમના જીવનમાં અને સાહિત્યમાં અખંડપણે,સાતત્યનો અનુભવ કરાવે છે.આમજનતા ઉપરાંત સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં ગાંધીજીના પ્રવચનો અને લખાણોનો ઊંડો પ્રભાવ પડ્યો.ગાંધીજીએ જે વિચારો રજૂ કર્યાં તેનાથી ગુજરાતી સાહિત્યમાં વૈચારિક ક્રાંતિ જન્મી. ગાંધીજીએ 'નવજીવન' અને 'હરિજનબંધુ' સામયિકોમાં વિવિધ વિષયો પર જે લખાણો લખ્યાં તે લખાણોથી પ્રેરાઈને કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, મહાદેવ દેસાઈ, સ્વામી આનંદ, નરહરિ પરીખ વગેરે લેખકોને જીવનલક્ષી સાહિત્ય લખવાની પ્રેરણા મળી. ગાંધીજીના વિચારો-પ્રભાવ-જીવન-દર્શન કાવ્ય, ટૂંકીવાર્તા, નાટક અને નવલકથામાં ઝીલાયું.

ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, દીનજનોના સર્વાંગી વિકાસ માટે જે ભગીરથ પુરુષાર્થ કર્યો એનો પડઘો ગાંધીયુગના સાહિત્યમાં પડ્યો.આ યુગના સર્જકો પર ગાંધીજીની વિચારસરણીનો પ્રભાવ પડયો.આ યુગના મહત્વના સર્જકોમાં કવિ સુન્દરમ્, ઉમાશંકર જોષી, ઝવેરચંદ મેઘાણી, કનૈયાલાલ મુનશી, સ્નેહરશ્મિ અને રમણલાલ દેસાઈનો સમાવેશ થાય છે-આ તમામ સર્જકોની રચનાઓમાં દલિતો-પીડિતો પ્રત્યેની સહાનુભૂતિ, દલિતપ્રેમ, વિશ્વશાંતિની ભાવના, માનવપ્રેમ અને રાષ્ટ્રીય ભાવના જોવા મળે છે.

છઠ્ઠી અને બારમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં ગાંધીજીએ સાક્ષર વર્ગને કોશિયો

અને ખેડૂતો પ્રત્યે અંગુલિનિર્દેશ કરીને તેમને માટે સાહિત્ય રચવા સૂચવ્યું હતું.એમાંથી જીવનલક્ષીદ્રષ્ટિ પેદા થતાં ગ્રામાભિમુખતા વધતી ગઈ જે નવલકથા ક્ષેત્રે પ્રગટ થવા લાગી.નવલકથાઓમાં આઝાદીની ચળવળ,સમાજસુધારો,ગ્રામોદ્ધાર,વગેરે સુધારાવાદી વિચારો જીવનમાં તેમ જ સાહિત્યમાં ઝીલાયા.

ગાંધીયુગની ગુજરાતી નવલકથામાં એક નજર કરતાં ગ્રામજીવનની સાથે દલિત વર્ગ પર સવર્ણ ઉજળિયાત જ્ઞાતિઓ દ્વારા થતી જોહુકમી,શોષણ,ઉપેક્ષા અને અત્યાચારનાં કથાચિત્રો ઝવેરચંદ મેઘાણીની નવલકથાઓમાં જોવા મળે છે.એવી જ રીતે સ્નેહરશ્મિની 'અંતરપટ',ઈશ્વર પેટલીકરની 'કલ્પવૃક્ષ' વગેરે નવલકથાઓના કથાનકમાં ગાંધીવિચારનો પ્રભાવ જોવા મળે છે.

ગાંધીયુગના નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઈ પાસેથી 'જયંત', 'શિરીષ', 'કોકિલા', 'દિવ્યચક્ષુ' 'ગ્રામલક્ષ્મી', 'પૂર્ણિમા', 'ભારેલો અગ્નિ', 'ઝંઝાવાત', 'પ્રલય', 'શચી પૌલોમી', જેવીં નવલકથાઓ પ્રાપ્ત થાય છે.તેમની ગાંધીવિચાર પ્રભાવિત નવલકથાઓમાં 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી', અને 'ભારેલો અગ્નિ' નો સમાવેશ થાય છે.તેમની આ નવલકથાઓમાં સત્યાગ્રહ,અસ્પૃશ્યતા,અહિંસા,દેશપ્રેમનું નિરૂપણ થયેલું જોવા મળે છે.

ગાંધીવાદી સાહિત્યકાર રમણલાલ દેસાઈ કૃત ગાંધી પ્રભાવિત નવલકથા 'દિવ્યચક્ષુ' ની ચર્ચા કરવાનો અહીં ઉપક્રમ છે.આ નવલકથાની પ્રથમ આવૃત્તિ ૧૯૩૨માં થઈ.કુલ ૪૨ પ્રકરણોમાં વહેંચાયેલી આ નવલકથામાં લેખકે સર્વધર્મસભાવ, સ્વતંત્રતા માટેની ઝંખના, દેશપ્રેમ, સમાજસેવા, અસ્પૃશ્યતા નિવારણ, સ્વદેશી આંદોલન, સ્ત્રીસ્વાતંત્ર્ય, પોલીસના અત્યાચાર, અંગ્રેજ અમલદારોની સીધી કે આડકતરી જોહુકમી, રાષ્ટ્રીય ઉત્થાન અને સામાજિક પરિવર્તન વગેરેનું નિરૂપણ કર્યું છે. સમગ્ર કથાનક ઉપર ગાંધીવિચારનો પ્રભાવ જોવા મળે છે.આ સાથે અરુણ-રંજન, અરુણ-પુષ્પા, સુશીલા-જનાર્દન અને રંજન પ્રત્યે વિમોચનની આસક્તિની કથા પણ વણી લીધી છે.

લેખકે અહીં ગાંધીજી પ્રેરિત સ્વચ્છતા અભિયાન દ્વારા ભંગી સમાજ પ્રત્યે થઈ રહેલી વ્યવસાયગત ધૃણાને નાબૂદ કરવાનો સભાનપણે પ્રયત્ન કર્યો છે:

**'હવે તો ભંગી પણ સારું પહેરતા અને શુદ્ધ બોલતા થયા છે.'**

> **'હલકી કોમો ચોખ્ખું બોલે એમાં બીજાઓને શા માટે ખોટું લાગવું જોઈએ તે સમજાતું નથી.તથાપિ હલકી કહેવાતી કોમોના આચાર ઉચ્ચારમાં થતો સુધારો ઊંચી ગણાતી કોમો સરળતાથી સહન કરતી નથી એ જાણીતી વાત છે.'૧**

આ નવલકથામાં અરુણ અને જનાર્દનને સર્વધર્મસમભાવના પ્રતીક રૂપે પ્રગટ કર્યાં છે.સર્વધર્મસમભાવના પ્રગટાવવા માટે રુદ્રદત્ત જ્હોન્સન જેવા ખ્રિસ્તીધર્મીને 'ગીતા' શીખવે છે અને બાઈબલનો પણ એટલો જ આદર કરે છે.અરુણે આ ભાવનાને સર્વધર્મમંદિર સ્થાપવા સુધી વિસ્તારી છે:

**"આપણે એક એવું દેવળ સ્થાપીએ કે જેમાં હિન્દુ ને મુસલમાન,ખ્રિસ્તી કે યહૂદી,પુરુષ કે સ્ત્રી બધાં ય ભેગાં થઈ શકીએ.૨**

ગાંધીજી સત્યના પૂજારી હતા.મન,વચન અને કર્મથી તેમણે સત્યની આરાધના કરી હતી.આ સત્યનો પડઘો જનાર્દનના પાત્રમાં ઝીલાયો છે.ધ્વજવંદન કરતાં જનાર્દને પ્રતિજ્ઞા લીધી કે-

**"સત્યની લડતમાં હું સર્વદા અહિંસાનું પાલન કરીશ."૩**

દેશને આઝાદ કરવાની તમન્ના પ્રજામાં હતી,તેમાં ગાંધીજીની લડતોએ એ જુસ્સાને પ્રજવલિત કર્યો હતો.દેશભક્તિથી ત્યાગ,સેવા અને કુરબાનીથી થનગનતા અરુણને જોઈને સાહેબે કહ્યું:

**"તમે દેશસેવાની ધૂનવાળા છો એટલે મારા ખાતામાં તમને લોકહિતનું કામ કરવાની તક મળશે."૪**

ગોરાસાહેબને ફરિયાદ કરવા ગયેલા અરુણને સાહેબે હુકમ કર્યો :

**"મારી ઓરડી છોડી એકદમ બહાર ચાલ્યા જાઓ !"૫**

ત્યારે અરુણ જરા હસ્યો અને સાહેબને કહ્યું:

**"અને આપ મારો દેશ છોડી એકદમ ચાલ્યા જાઓ,એમ હું આપને કહું તો ?૬**

ગાંધીજીએ સ્વરાજને મેળવવા માટે અહિંસક પ્રતિકાર યા સત્યાગ્રહનો નવો માર્ગ દાખવ્યો હતો આ સત્યાગ્રહ ભાવનાની અસર લેખકે અરુણ અને જનાર્દનના પાત્રમાં વ્યક્ત કરી છે :

**"ક્રાંતિ માટે ત્રણ રસ્તાઓ સૂચવાય છે:કાયદેસર,હિંસાત્મક લડત અને અને અહિંસાત્મક લડત...ત્રણે લડત તો ખરી જ.કાયદેસર લડત વૃદ્ધોને હાથે ગઈ... યુવકો-સ્વભાવે યુવકો-યુવકો-હિંસાનો આશ્રય ખોળે છે;પરંતુ અહિંસાનો વિશ્વવંદ્ય પયગમ્બર(મહાત્મા ગાંધીજી) હિંસાનો બહિષ્કાર માંગે છે.તે નવું(અહિંસક) યુદ્ધ બતાવે છે:દ્વેષનું નહિ,વૈરનું નહિ,પ્રેમનું યુદ્ધ.તે દેશભક્ત સૈનિકોને પૂછે છે: 'ભાઈ (તને) ! મરતાં આવડે છે ?'...તું પહેલાં મરતાં શીખે,પછી મારા (અહિંસક) સૈન્યમાં આવ. મારનારનું મારે કામનથી."૭**

તો ગાંધીજીની ગ્રામસ્વરાજની ભાવનાનો પડઘો અરુણના શબ્દોમાં ઝીલાયો છે:

**"હું તો એમ ઈચ્છું છું કે કોઈ કોઈના ઉપર રાજ્ય કરે જ નહિ.સહુ કોઈ રાજીથી ભેગા મળી જગતવ્યવહાર ચલાવે." ૮**

ગાંધીજીએ સ્વરાજ હાંસલ કરવા માટે અહિંસક યા સત્યાગ્રહનો નૂતન માર્ગ દાખવ્યો હતો.સત્યાગ્રહની અસર અહીં ઝીલાઈ છે.લેખકે જનાર્દનના આશ્રમમાં ધ્વજવંદનનો કાર્યક્રમ સત્યાગ્રહરૂપે પ્રસ્તુત કર્યો છે.સરકારના લાઠીચાર્જ વગેરેને

ગણકાર્યા વગર અરુણ,રંજન વગેરે યુવક-યુવતીઓ ભારે સંઘર્ષ કરીને કાઠી પર ધ્વજ ફરકાવે છે.

સ્વરાજની લડત નિમિત્તે સ્ત્રીશક્તિને જાગૃત કરી રાજકીય અને સામાજિક મોરચે તેમને બહાર લાવવાનું કામ પણ ગાંધીજીએ કર્યું હતું.રંજનની આગેવાનીમાં દેશસેવાનું કામ કરતી સ્ત્રીઓની વિવિધ પ્રવૃત્તિઓમાં.... **"પ્રભાતફેરી,સરઘસો,સભાઓ,ખાદી-ફેરી વગેરેમાં સ્ત્રીઓ સ્વયંસેવિકાઓ તરીકે સેવા આપતી હતી."**

સમાજમાં વ્યાપેલી અશ્પૃશ્યતાને દૂર કરવા માટે ઢેડ/ભંગીને 'હરિજન' કહેતા ગાંધીજીએ સમાજસુધારણાની અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.અહીં ધનો ભગત અને કિસન ગામમાં ભજન ગાતા,ફરતાં ફરતાં ભૂલથી બ્રાહ્મણોને સ્પર્શી જતાં,બ્રાહ્મણો તેમને મારવા દોડે છે.અરુણ એ બધાની વચ્ચે જઈને ગડદાપાટુના પ્રહારો ઝીલતો બંને ય હરિજનોને બચાવે છે.નૃસિંહલાલ જેવા પોલીસ અધિકારી તેમને રક્ષણ આપવાને બદલે જાતિદ્વેષથી ધૃણા કરે છે:

**'સાલો ઢેડ ! હરામખોર અડકે છે; અભડાવે છે અને પાછો સામો થાય છે.એનું ચામડું ચીરી**

**નાખીશ.'૯**

આવા અપમાનજનક શબ્દો સાંભળે છે છતાં ધનોભગત વિનંતીના સૂરમાં કહે છે-

**'આ રહ્યો,બાપા ! છોકરાની ભૂલ થઈ હોય તો હું એના વતીનો એમને પગે પડું છું.છોકરું છે;એને**

**શી સમજ?'૧૦**

નૃસિંહલાલ ધના ભગતને પૂછે છે કે,

**'તારે ફરિયાદ કરવી છે ?'૧૧**

ત્યારે ધના ભગત કહે છે :

**'ના રે ના સાહેબ ! અમારે ગરીબને ફરિયાદ શી ? એ ભાઈને એવી સમજ પડી તો એમ; બે ગડદા ખાઈ લીધા.ભગવાન બધાનું ભલું કરો ! મારે ફરિયાદ કેવી ?' ૧૨**

ધનો ભગત પોલીસને ફરિયાદ કરતો નથી પણ ભગવાન બધાનું ભલું કરે એવું કહે છે ત્યારે સવર્ણ અરુણ પેલા વૃદ્ધના આ શબ્દો સાંભળીને આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે.પોતાને મારનારનું પણ ભલું ઈચ્છનાર એ ઢેડમાં વધારે બ્રાહ્મણત્વ,કે સ્પર્શ માત્રથી અપવિત્ર બની એક અંધ,વૃદ્ધ અને બાળકને માર મારનાર બ્રાહ્મણોમાં વધારે બ્રાહ્મણત્વ? કિસન તાવમાં સપડાયો છે.તેને સારું થઈ જાય એ માટે પુષ્પા માનતા રાખે છે ત્યારે તેને લઈને હરિ મંદિરમાં દર્શન કરાવવા લઈ જવાની છૂટ ધનસુખલાલ આપે છે.તાવમાં સપડાયેલો કિસનની ખબર કાઢી આવ્યા પછી એમના મનમાં પ્રશ્ન ઉદ્દભવે છે – "આટલું જઈ આવ્યાં તે શું બસ હતું ? તેને સારામાં સારી હવાનો લાભ કેમ ન અપાય ? તેને ઝૂંપડી કેમ ન છોડાવાય ? તેને અડકીને બરફ કેમ ન મૂકાય ?" રંજનને પણ ભગત અને કિસન પ્રત્યે સહાનુભૂતિ થાય છે.કિસનની ખબર પૂછીને ઘેર આવેલી સુશીલા સ્નાન કરે છે ત્યારે રંજનને એમ લાગે છે કે આમ કરીને તો એ આખા દલિત સમાજનું અપમાન કરી રહી છે.સુશીલા પોતે પણ પછી પૂજા કરતી વખતે એમ અનુભવે છે કે ઠાકોરજી જાણે હસતાં હસતાં પૂછે છે કે, 'અત્યંજની સારવાર દેહને પવિત્ર બનાવે કે માત્ર સ્નાન ?અને આ યુવાન વિધવાને સત્ય

સમજાય છે કે અસ્પૃશ્યતા પણ ફરજિયાત વૈધવ્ય સરખું જ શોષણકૃત્ય છે.

રચનાત્મક કાર્યક્રમમાં ગાંધીજીએ વ્યસનમુક્તિ,નશાબંધી,અને દારૂબંધીને અગત્યનું સ્થાન આપ્યું હતું.તન,મન અને ધનની બરબાદી કરનાર દારૂ,તાડી,ચા-કોફી,તમાકુ અફીણ ગાંજો આ બધા વ્યસનોની તેઓ નાબૂદી ઈચ્છતા હતા એનો પડઘો અહીં ઝીલાયો છે.દારૂઘેલા સુશિક્ષિત કૃષ્ણકાન્તને મદ્યપાન વિરોધી સુરભીએ નવો દ્રષ્ટિકોણ અપનાવીને પ્રેમથી કહ્યું,

**"હું જ હવે રોજ (તમને દારૂ) આપીશ." ૧૩**

આ સાંભળીને કૃષ્ણકાન્તે કહ્યું:

**"અને તું એમ ધારે છે કે તને ન ગમતો આસવ હું પીધા જ કરીશ,ખરું ? Hang it all!" ૧૪**

કહીને પ્યાલો અને શીશો કૃષ્ણકાંતે બારીમાંથી ફેંકી દીધા.

નારીઉન્નતિની દ્રષ્ટિએ સ્ત્રી-પુરુષને સમાન અધિકાર,સમાન હકો અને વિકાસ માટે સમાન અવસર મળવા જોઈએ એ વિચારને ગાંધીજી સ્વીકારતા હતા.ગાંધીજીના આ વિચારધારાની અસર અહીં જોવા મળે છે.ધ્વજ સત્યાગ્રહ વેળા જનાર્દન સ્ત્રીઓને ભાગ ન લેવા કહે છે,ત્યારે રંજન કહે છે,

**"ત્યારે અમે (સ્ત્રીઓ) અમારું જુદું સરઘસ કાઢીશું.દેશની સેવા એકલા પુરુષો જ કરી શકે ખરું ?...**

**"સરઘસમાં અમે પણ નીકળીશું.વીસથી ત્રીસ સ્ત્રીઓ આવવા તૈયાર છે !... અમને વાગશે તો અમે અમારી સારવાર કરી લઈશું.તમને વાગશે તો એ અમે સારવારના કામમાં આવીશું."૧૫**

આમ,ર.વ દેસાઈએ ગાંધીવિચાર પ્રભાવિત આ નવલકથામાં દેશભક્તિ,સ્વતંત્રતાની લડત,અહિંસા, સત્યાગ્રહ સ્ત્રીસશક્તિકરણ,સમાજસુધારણા,વ્યસનમુક્તિ અને આપણા દેશના અંત્યજોની વેદના-સંવેદના તથા અંત્યજનોમાં પણ આત્મગૌરવ,સ્વાભિમાન,સ્વમાનની લાગણી હોય છે તે પણ લેખકે દર્શાવ્યું છે.ધનાભાગતના મંદિર પ્રવેશથી અસ્પૃશ્યતા જેવા દૂષણને નાથવાનો પ્રયત્ન આ નવલકથામાં ગાંધીવિચાર ધારાને સંદર્ભે થયેલો જોઈ શકાય છે.ધનાભાગત અને કિસનના માધ્યમ દ્વારા અસ્પૃશ્યતા નિવારણના મુદ્દાને થયેલો સ્પર્શ ગાંધીજીનાં આચારસહિતાનું જ પરિણામ છે.આવનાર પેઢી દલિતો પ્રત્યે ભેદભાવ અને નફરતની સ્થિતિમાંથી કદાચ મુક્ત થઈ શકશે એવો અણસાર અહીં જોઈ શકાય છે.

ગાંધીજીને ચમત્કારરૂપ માનનાર આઇન્સ્ટાઇન જેવા મહાનવિજ્ઞાનીની માન્યતા મુજબ ગાંધીબાપુનું નામ અને કામ ચંદનની જેમ મધમધી સાહિત્યકારોને દીવાદાંડી સમાન દોરતું હતું એ સત્ય રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથા 'દિવ્યચક્ષુ' પુરવાર કરે છે.

પાદટીપ:

**૧.દિવ્યચક્ષુ,રમણલાલ વ.દેસાઈ,દશમી આવૃત્તિ,૧૯૬૯,પૃ.૪-૫**

૨. દિવ્યચક્ષુ,રમણલાલ વ.દેસાઈ,દશમી
આવૃત્તિ,૧૯૬૯,પૃ.૩૪૭
૩. એજન,પૃ.૨
૪. એજન,પૃ.૨૨
૫. એજન,પૃ.૨૩
૬.એજન,પૃ.૨૩
૭.એજન,પૃ.૮૨
૮.એજન,પૃ.૩૦૩
૯.એજન,પૃ.૯૫
૧૦.એજન,પૃ.૯૮
૧૧.એજન,,પૃ.૯૯
૧૨.એજન,પૃ.૯૯
૧૩.એજન,પૃ.૧૫૫
૧૪.એજન,પૃ.૧૫૫
૧૫.એજન,પૃ.૧૧૦-૧૧૧

સંદર્ભ ગ્રંથો:

૧.દિવ્યચક્ષુ,રમણલાલ વ.દેસાઈ,દશમી
આવૃત્તિ
૨.અર્વાચીન ગુજરાતી સાહિત્યનો
ઇતિહાસ,ગાંધીયુગ,ધીરુભાઈ ઠાકર
૩.અર્વાચીન ગુજરાતી સાહિત્યનો
ઇતિહાસ,ડૉ.રમેશ એમ ત્રિવેદી
૪.મહાત્મા ગાંધીનો ગુજરાતી સાહિત્ય પર
પ્રભાવ,ડૉ.હરીશ વ્યાસ
૫.ગુજરાતી
સાહિત્યકોશ,ખંડ:બે,અર્વાચીનકાળ,સંપાદક,ચં
દ્રકાંત ટોપીવાળા
૬.નવલકથા સ્વરૂપ અને વૈવિધ્ય,સં.શિરીષ
પંચાલ પ્રથમ આવૃત્તિ;જુલાઈ,૨૦૧૪